નાયબ પોલીસ કમિશ્નર, ટ્રાફિકની કચેરી રાજકોટ શહેર
૩જો માળ, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
જીલ્લા પંચાયત ચોક, રેસકોર્ષ પાસે, રાજકોટ શહેર-૩૬૦૦૦૧
Email:- dcp-trf-raj@gujarat.gov.in

# પ્રેસનોટ

રાજકોટ શહેરી વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઇ-વે/સ્ટેટ હાઇ-વે બનતા જીવલેણ માર્ગ અકસ્માતમાં ઘટાડો લાવવા સારૂ માનનીય રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક પૂજા યાદવ અને ઇ.ચા. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક શાખા એમ.આઇ.પઠાનનાઓની સુચનાથી રાજકોટ શહેર ટ્રાફિક શાખા અને ખાણ ખનીજ વિભાગ સાથે સંયુકત વિશેષ ડ્રાઇવનુ આયોજન કરવામા આવેલ જે ડ્રાઇવ દરમિયાન ટ્રાફિક શાખાના ઉતર વિભાગના પોલીસ ઇન્સપેકટર એસ.એન.રાઠોડનાઓ દ્વારા સદરહુ ડ્રાઇવ દરમિયાન રાજકોટ-અમદાવાદ હાઇ-વે વાંકાનેર ચોકડીથી આગળ એક ઓવરલોડેડ તથા બિન કાયદેસર રીતે બેલા(પથ્થર) ભરેલા વાહન મળી આવેલ જેને ખાણ ખનીજ વિભાગના અધિકારીને સાથે રાખી વાહન ચાલકને રોકી તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવી અને દંડ વસુલ લેવા અંગેની કાર્યવાહી માટે ખાણ-ખનીજ વિભાગની કચેરી ખાતે મોકલી આપવામા આવેલ.

(પૂજા યાદવ)
નાયબ પોલીસ કમિશ્નર
ટ્રાફિક, રાજકોટ શહેર.

રાજકોટ શહેર, માલવીયાનગર પોલીસ સ્ટેશન
વિશ્વેશ્વર મહાદેવ મંદીર પાસે, મવડી મેઈન રોડ, રાજકોટ
E mail :- polstn-malvia-raj@gujarat.gov.in
ફોન નં – ૬૩૫૯૬ ૨૯૯૦૨

ઇ-ગુજકોપ પ્રોજકટમાં આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ ચેક કરી, માલવિયાનગર પોલીસ સ્ટેશન દ્વારા તૈયાર કરવામાં આવેલ “પાસા” દરખાસ્ત મંજુર કરતા મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી

પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશ કુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી જગદીશ બાંગરવા સાહેબ તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નર દક્ષિણ વિભાગ શ્રી બી.જે.ચૌધરી સાહેબ નાઓના માર્ગદશન હેઠળ શરીર સબંધી ગુન્હાની ટેવવાળા ઇસમો ગુન્હો કરતા અચકાય અને ગુન્હાઓ ઉપર અંકુશ રહે તે સારૂ શરીર સબંધી ગુન્હામાં પકડાયલે ઇસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવા અંગે સુચના થયેલ હોય જેથી અમો પો.ઇન્સ. જે.આર.દેસાઇ નાઓ દ્વારા આવા ઇસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી રાજકોટ શહેર તરફ મોકલી આપવામાં આવતા મ્હે, પોલીસ કમિશ્નર સાહેબ શ્રી રાજકોટ શહેર નાઓ દ્વારા સદરહુ પાસા દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઇસ્યુ કરતા મજકૂર ઇસમને પાસા વોરંટની બજવણી કરી પાસા તળે સુરત જેલ ખાતે મોકલી આપવા માટે તજવીજ કરવામાં આવેલ છે.

| ક્રમ | પાસા અટકાયતીનુ નામ |
|---|---|
| ૧ | મોહીન યાકુબભાઇ મોટાણી ઉ.વ. ૨૧ રહે, વાંકાનેર સોસાયટી, બજરંગવાડી શેરી નં-૩/૪, “કરમ મકાન”, જામનગર રોડ, રાજકોટ |

**મોહીન યાકુબભાઇ મોટાણી નો ગુન્હાહિત ઇતિહાસ:-**

(૧) માલવીયાનગર પો.સ્ટે. ગુ.ર.નં-૦૦૬૨/૨૦૨૫ બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૨ વિ.

(૨) પ્રદ્યુમનનગર પો.સ્ટે. ગુ.ર.નં-૦૭૦૩/૨૦૨૪ બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૨ વિ.

(૩) ગાંધીગ્રામ પો.સ્ટે. ગુ.ર.નં-૦૪૭૧/૨૦૨૩ આઈ.પી.સી. કલમ ૩૩૨, ૧૮૬, વિ.

**આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ:-**

**માલવિયાનગર પો.સ્ટે. પો.ઇન્સ. જે.આર.દેસાઇ તથા પો.સબ ઇન્સ. ડી.એસ.ગજેરા તથા એ.એસ.આઇ. હિરેનભાઇ પરમાર તથા પો.હેડ.કોન્સ. મહેશભાઇ રૂદાતલા, શૈલેષભાઇ ખીહડીયા, અજયભાઇ વિકમા, દિનેશભાઇ બગડા, જયદેવસિંહ પો.કોન્સ. મનીષભાઇ, ચિત્રકેતુસિંહ, ભાવેશભાઇ, જયદિપસિંહ, મયુરદાન, અમરદિપસિંહ વિ.**

**પી.સી.બી. શાખાના અધી./કર્મચારીઓ:-**

**ઇ. પો.ઇન્સ. એમ.આર.ગોંડલીયા, એ.એસ.આઇ. રાજુભાઇ દહેકવાલ, પો.હેડકોન્સ. ઇન્દ્રજીતસિંહ સિસોદીયા વિ.**

તા- ૨૪/૦૩/૨૦૨૫

**પાસા અટકાયતી :- મોહીન યાકુબભાઇ મોટાણી**



(જે.આર.દેસાઇ)
પોલીસ ઇન્સપેકટર
માલવિયાનગર પો.સ્ટે.
રાજકોટ શહેર

# PRESS NOTE

# ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ચોર ઇસમને મુદામાલ સાથે પકડી પાડતી રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ટીમ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી જગદીશ બાંગરવા સાહેબ (ઝોન-૨) તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી બી.જે.ચૌધરી સાહેબ દક્ષિણ વિભાગના માર્ગદર્શન હેઠળ

રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ. ડી.એમ.હરિપરા ના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં-૧૧૨૦૮૦૫૩૨૫૦૨૮૩/૨૦૨૫ બી.એન.એસ. કલમ ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો ગુનો તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ જાહેર થયેલ હોય જેમાં આ કામના ફરીયાદી ક્રીષ્ના સ્કુલમા પ્રિન્સિપાલ તરીકે નોકરી કરતા હોય જે સ્કુલમા કોઇ અજાણ્યો ચોર ઇસમ પ્રવેશી ફરી.ની ઓફીસમા ફરી.ના ટેબલની બાજુમા સાહેદ પ્રાઇમરીના પ્રિન્સીપાલનુ ટેબલ હોય જે ટેબલના ડોવરમાથી રોકડ રૂપિયા ૩૯,૧૦૦/- ચોરી કરી લઈ ગયેલ હોય જે ગુનાની તેમજ અન્ય વણ શોધાયેલ ગુન્હાને ડીટેકટ કરવા સારૂ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એમ.એચ.મહારાજ નાએ સર્વેલન્સ સ્કોડના માણસોની અલગ અલગ ટીમો બનાવી જેમાં આઈવે પ્રોજેકટના સી.સી.ટી.વી કેમેરા ચેક કરવા તેમજ જાણીતા ગુન્હેગારોને ચેક કરવા તથા ખાનગી જગ્યાએ પણ સી.સી.ટી.વી ચેક કરવા તેમજ ટેકનિકલ રાહે માહિતી મેળવવા અંગેની કામગીરી સોપવામાં આવેલ હતી આ ગુન્હાના આરોપીને શોધી કાઢવા સારૂ સર્વેલન્સ ટીમના માણસો પો.કોન્સ. જયપાલસિંહ હરદેવસિંહ સરવૈયા તથા મહાવિરસિંહ ધીરૂભા જાડેજા નાઓને સયુંકત રીતે હ્યુમન સોર્સીસથી ખાનગી રાહે ચોકકસ હકીકત મળેલ કે ગઇ તા.૨૦/૦૩/૨૦૨૫ રાત્રીના ત્રણ વાગ્યાથી ચાર વાગ્યા સુધીમા ૧૫૦ ફુટ રીંગ રોડ બાલાજી હોલ પાછળ ક્રિષ્ના સ્કુલ રાજકોટ ખાતે બનેલ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ શકદાર આરોપી આંબલી ખજુરીયા ગામ તા.ગરબાડા જી.દાહોદ ખાતે હોય જે હકીકત આધારે મજકુર આરોપીને પકડી મજકુર આરોપીની યુક્તી પ્રયુક્તીથી વધુ પુછપરછ કરી ચોરીમાં ગયેલ મુદામાલ મજકુર આરોપીએ બતાવેલ જગ્યાએથી રીકવર કરી કાયદેસરની કાર્યવાહી કરી અનડીટેકટ ઘરફોડ ગુનો ડીટેકટ કરવામાં આવેલ છે તેમજ આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

| ગુ.ર.નં./ કલમ | અટક કરેલ આરોપીના નામ સરનામા | કબ્જે લિધેલ મુદામાલ |
|---|---|---|
| રાજકોટ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં-૧૧૨૦૮૦૫૩૨૫૦૨૮૩/૨૦૨૫ બી.એન.એસ. કલમ ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબ | સંજયભાઇ તાહુભાઇ પલાસ જાતે.અનુ.જનજાતિ ઉ.વ.૨૫ રહે.ઓડ ફળીયુ આંબલી ખજુરીયા ગામ તા.ગરબાડા જી.દાહોદ | રોકડા રૂપિયા ૨૫,૦૦૦/- |

## પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસ :-

1. અમદાવાદ ગ્રામ્ય બોપલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.૦૦૦૨/૨૦૧૬ ઇપીકો કલમ ૩૯૫, ૩૯૭, ૪૫૦ મુજબ
2. દાહોદ મહિલા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.ન.૦૬૦/૨૦૧૭ ઇપીકો કલમ ૪૯૮(એ), ૫૦૪, ૫૦૬ મુજબ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઃ-

પોલીસ ઇન્સ. ડી.એમ.હરિપરા તથા પો.સબ.ઇન્સ. એમ.એચ.મહારાજ તથા પો.હેડ.કોન્સ. કૌશેન્દ્રસિંહ રણજીતસિંહ ઝાલા તથા હરપાલસિંહ જશુભા જાડેજા તથા અજયભાઇ ભગવાનજીભાઇ ભુંડીયા તથા કુલદિપસિંહ મહીધરસિંહ જાડેજા તથા પો.કોન્સ. સંજયભાઇ વિરજીભાઈ માંડાણી તથા જયપાલસિંહ હરદેવસિંહ સરવૈયા તથા મયુરસિંહ દૈવતસિંહ જાડેજા તથા નિકુંજભાઇ ધીરજલાલ મારવીયા તથા શિવભદ્રસિંહ બાપાલાલ ગોહીલ તથા મહાવિરસિંહ ધીરૂભા જાડેજા તથા ઉગાભાઇ રવજીભાઇ બાળા તથા બલભદ્રસિંહ સુરૂભા જાડેજા તથા અક્ષયભાઇ રાજેશભાઇ નાથાણી તથા કુલદિપસિંહ લાલુભા જાડેજા.

તા-૨૭/૦૩/૨૦૨૫

(ડી.એમ.હરિપરા)
પોલીસ ઇન્સ્પેકટર
રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર





| | | |
|---|---|---|
| | માલવીયાનગર પોલીસ સ્ટેશન<br>વિશ્વેશ્વર મહાદેવ મંદીર પાસે મવડી મેઈન રોડ રાજકોટ<br>E mail :- polstn-malvia-raj@gujarat.gov.in<br>મો.નં.-૬૩૫૯૬ ૨૯૯૦૨ | |

## છેલ્લા એક વર્ષથી અપરહરણ તથા પોક્સોના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી માલવીયાનગર પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા ઇ.નાયબ પો.કમી. શ્રી સજ્જનસિંહ પરમાર સાહેબ ઝોન - ૨ તથા ઇ.મદદનીશ પો.કમી. શ્રી રાધીકા ભારાઇ સાહેબ દક્ષીણ વિભાગ નાઓએ શરીર સબંધી ગુન્હાઓમાં નાસતા-ફરતા આરોપીઓ તથા માથાભારે ઈસમો તથા નામદાર કોર્ટ માંથી બીનજામીનલાયક વોરંટો તથા નામદાર કોર્ટ માંથી સજા પડેલ હોય તેવા આરોપીઓ મળી ન આવતા હોય જેઓને શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી અમો પો.ઈન્સ. જે.આર.દેસાઇ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઈન્સ. ડી.એસ.ગજેરા તથા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.હેડ.કોન્સ જયદેવસિંહ પરમાર તથા પો.કોન્સ.ચીત્રકેતુસિંહ ઝાલા, મનીષભાઇ સોઢીયા નાઓને તેઓના ખાનગી બાતમીદાર મારફતે મળેલ ચોક્કસ હકીકત મળેલ કે, રાજકોટ શહેર માલવીયાનગર પોલીસ સ્ટેશન ખાતે ગઇ તા.૦૮/૦૨/૨૦૨૪ ના અપરહરણ તથા પોક્સો એક્ટ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય જે ગુન્હાનો આરોપી પરપ્રાંતીય હોય જેને હ્યુમનસોર્સીસથી તેમજ ટેકનીકલ મદદથી ગુન્હાનો નાસતો ફરતો આરોપી રાજકોટ ખાતે આવેલ હોવાની હકીકત મળતા નીચે જણાવેલ મજકુર ઇસમને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

| ક્રમ | આરોપીનુ નામ |
|---|---|
| ૧ | સોનુકુમાર જયમંગલ ઠાકુર, ઉ.વ.૨૨, રહે.- સમ્રાટ ઇન્ડ્સ્ટ્રીઝ એરીયા શેરી નં ૨૨, શ્યામ કારખાનાના રૂમમા, એસ.ટી.વર્ક શોપ પાછળ, રાજકોટ શહેર મુળ રહે.-ગામ ઇટીમ્હા ગણેશ, પોસ્ટ.તિવારી ડીહ, ભોજપુર (બીહાર) |

| ક્રમ | આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ ગુન્હાની વિગત |
|---|---|
| ૧ | માલવીયાનગર પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં – ૧૧૨૦૮૦૪૫ ૨૪ ૦૧૨૮/૨૦૨૪ આઇ.પી.સી.કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(એન),૩૭૬(૩) તથા બાળકોને રક્ષણ આપતા અધીનીયમ ૨૦૧૨ની કલમ ૬ તથા ૯(એલ)(એમ) |

➡ આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ

**પો.ઈન્સ. જે.આર.દેસાઇ તથા પો.સબ.ઇન્સ. ડી.એસ.ગજેરા તથા એ.એસ.આઇ. હીરેનભાઇ પરમાર તથા પો.હેડ.કોન્સ. શૈલેષભાઇ ખીહડીયા, મહેશભાઇ રૂદાતલા, અજયભાઈ વિકમા, જયદેવસિંહ પરમાર, દિનેશભાઇ બગડા, તથા પો.કોન્સ. મનીષભાઇ સોઢીયા, ભાવેશભાઈ ગઢવી, મયુરદાન બાટી, ચીત્રકેતુસિંહ ઝાલા, જયદીપસિંહ ભટ્ટી, અમરદિપસિંહ જાડેજા માલવીયાનગર પોલીસ સ્ટેશન રાજકોટ શહેર**

તા.૨૨/03/૨૦૨૫



(જે.આર.દેસાઇ)
પોલીસ ઇન્સ્પેકટર
માલવીયાનગર પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# RAJKOT CITY A DIVISION POLICE STATION

## ઘરફોડ ચોરીનો અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી ચોરી કરનાર ઈસમને મુદામાલ સાથે પકડી પાડતી એ-ડીવીઝન પોલીસ

*રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી જગદીશ બાંગરવા સાહેબ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.જે.ચૌધરી સાહેબ (દક્ષીણ વિભાગ)* દ્વારા મિલ્કત સબંધી ગુન્હા અટકાવવા તેમજ પો.સ્ટે વિસ્તારમાં થયેલ વાહનચોરી,મોબાઈલ ચોરી,ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે જેવા અનડિટેકટ ગુન્હોઓને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે અન્વયે તા-૧૪/૦૩/૨૦૨૫ ના રોજ ઘરફોડ ચોરીમા કુલ રૂપીયા ૩,૨૫,૦૦૦/- ચોરી થયાની ફરીયાદ ફરીયાદી રૂબરૂમાં પોલીસ સ્ટેશન આવી જાણ કરતા એ-ડીવીજન પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૦૨૫૦૨૫૭/૨૦૨૫ બી.એન.એસ એકટ કલમ- ૩૩૧(૩),૩૩૧(૪),૩૦૫(અ) મુજબનો ઘરફોડ ચોરીનો ગુન્હો દાખલ કરવામા આવેલ હોય સદરહું ગુન્હાને ડીટેકટ કરી આરોપીને પકડી લેવા અમો પોલીસ ઈન્સપેક્ટર આર.જી.બારોટ નાઓની સુચના તથા માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે ડી-સ્ટાફના પો.સબ.ઈન્સ કે.એમ.વડનગરા તથા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ દ્વારા સદરહુ ઘરફોડ ચોરી કરનાર ઇસમને હ્યુમન સોર્સીસ તથા ટેકનીકલ સીસ્ટમના આધારે આરોપીને પકડવા માટે પ્રયત્નશીલ હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ એમ.વી.લુવા તથા પો.હેડ.કોન્સ.ધારાભાઈ વાનરીયા તથા અજયભાઈ બસીયાનાઓની સંયુકત હકીકત આધારે રામનાથપરા મહાદેવ મંદીર પાસેથી એક શકમંદ ઈસમને પકડી તેની યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા ઉપરોકત ચોરીની કબુલાત કરતો હોય અને તેની પાસેથી ચોરીમા ગયેલ નાણા ૨,૮૭,૫૦૦/- રોકડ રકમ તથા મોબાઈલ નંગ-૦૧ કી.રૂ.૧૦,૦૦૦/- નો કબજે કરી તેની વિરૂધ્ધમા ધોરણસર પોલીસ કાર્યવાહી કરવામા આવેલ છે.

❖ **પકડાયેલ આરોપી:-**

- કમલેશ ઉર્ફે કમલો નારણભાઈ રાઠોડ જાતે-સોરઠીયા રાજપુત ઉ.વ.-૨૯ ધંધો-રીક્ષા ડ્રાઈવીંગ રહે,ગાંધીગ્રામ જીવંતીકાનગર શેરી નંબર-૨ કષ્ટભંજન મંદીરની સામે રાજકોટ મુળ રહે,ધાંગ્રધ્રા ભરવાડ વાસમા સુરેન્દ્રનગર મો.ન.-૭૦૬૯૭૦૩૨૩૨
- **ડીટેકટ કરેલ ગુન્હો:-**
- એ.ડીવીઝન પો.સ્ટે.રાજકોટ ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૦૨૫૦૨૫૭/૨૦૨૫ બી.એન.એસ એકટ કલમ- ૩૩૧(૩),૩૩૧(૪),૩૦૫(અ) મુજબ
- **કબ્જે કરેલ મુદ્દામાલ:-**
- રોકડા રૂપિયા ૨,૮૭,૫૦૦/-(બે લાખ સત્યાસી હજાર પાન્સો રૂપીયા)
- વિવો કંપનીનો Y300 મોડેલનો ફાઈવ-જી મોબાઈલ કી.રૂ.૧૦,૦૦૦/-
- **કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-**

પો.ઈન્સ આર.જી.બારોટ તથા પો.સબ.ઈન્સ કે.એમ.વડનગરા તથા એ.એસ.આઈ એમ.વી.લુવા તથા બી.વી.ગોહિલ તથા પો.હેડ.કોન્સ અજયભાઈ બસીયા તથા કલ્પેશભાઈ બોરીચા તથા સાગરભાઈ માવદિયા તથા ધારાભાઈ વાનરીયા તથા પો.કોન્સ વિજયભાઈ મકવાણા તથા યોગેશભાઈ મકવાણા.

તા.૨૧/૦૩/૨૦૨૫



# RAJKOT CITY A DIVISION POLICE STATION

## બુલેટ ચોરીનો અનડીટેકટ ગુન્હો ડીટેકટ કરી બુલેટ ચોરી કરનાર ઈસમને મુદામાલ સાથે પકડી પાડતી એ-ડીવીઝન પોલીસ

*રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી જગદીશ બાંગરવા સાહેબ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.જે.ચૌધરી સાહેબ (દક્ષીણ વિભાગ)* દ્વારા મિલ્કત સબંધી ગુન્હા અટકાવવા તેમજ પો.સ્ટે વિસ્તારમાં થયેલ વાહનચોરી,મોબાઈલ ચોરી,ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે જેવા અનડિટેકટ ગુન્હોઓને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે અન્વયે તા-૨૩/૦૩/૨૦૨૫ ના રોજ બુલેટ ચોરી થયેલ હોવાની ફરીયાદી રૂબરૂ પોલીસ સ્ટેશન આવી જાણ કરતા એ-ડીવીજન પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૦૨૫૦૨૯૨/૨૦૨૫ બી.એન.એસ એકટ કલમ-૩૦૩(૨) મુજબનો બુલેટ ચોરીનો ગુન્હો દાખલ કરવામા આવેલ હોય સદરહું ગુન્હાને ડીટેકટ કરી આરોપીને પકડી લેવા અમો પોલીસ ઈન્સપેક્ટર આર.જી.બારોટ નાઓની સુચના તથા માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે ડી-સ્ટાફના પો.સબ.ઈન્સ કે.એમ.વડનગરા તથા સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ દ્વારા સદરહુ બુલેટ ચોરી કરનાર ઇસમને હ્યુમન સોર્સીસ આધારે આરોપીને પકડવા માટે પ્રયત્નશીલ હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ એમ.વી.લુવા તથા પો.હેડ.કોન્સ ધારાભાઈ ગઢવી નાઓની સંયુકત હકીકત આધારે જામનગર ખાતેથી એક ઈસમને સદરહુ ચોરીમા ગયેલ બુલેટ રજી.નં- GJ-03-KR-4431 વાળા સાથે પકડી મજકુર પાસે રહેલ બુલેટ બાબતે યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતા આ ઉપરોક્ત બુલેટ પોતે ગઈ તા-૧૩/૦૩/૨૦૨૫ ના સવારના ક.૧૧/૦૦ વાગ્યાથી બપોરના ક.૧૪/૦૦ વાગ્યા દરમ્યાન ફેમેલી કોર્ટ વાળી શેરી ની સામે પુલ નીચે પાર્કીંગ માંથી સદરહું બુલેટની ચોરી કરી હોવાની કબુલાત આપતા સદરહુ બુલેટની કિ.રૂ.૬૫,૦૦૦/- ગણી કબ્જે કરી મજકુર ઈસમ વિરૂધ્ધમા ધોરણસર કાર્યવાહી કરવામા આવેલ છે.

### ❖ પકડાયેલ આરોપી:-

- જીતુભાઈ સ/ઓ જેરામભાઈ વાલજીભાઈ શેખા ઉ.વ.-૩૬ રહે,ગ્રામ પંચાયતની બાજુમા જામનગર

**ડીટેકટ કરેલ ગુન્હો:-**

- એ.ડીવીઝન પો.સ્ટે.રાજકોટ ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૦૨૫૦૨૯૨/૨૦૨૫ બી.એન.એસ એકટ સને ૨૦૨૩ની કલમ-૩૦૩(૨) મુજબ

**કબ્જે કરેલ મુદ્દામાલ:-**

- બુલેટ મો.સા.જેના રજી.નં. GJ-03-KR-4431 વાળુ જે લાલ કલરનુ જેના ચેસીસ નં.-ME3U3S5C1JK820850 તથા એન્જીન નં.-U3S5C1JK844565 જે સને-2018 ના મોડલનું જેની કીંમત આશરે રૂ.૬૫,૦૦૦/- વાળુ
- **કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-**

પો.ઈન્સ આર.જી.બારોટ તથા પો.સબ.ઈન્સ કે.એમ.વડનગરા તથા એ.એસ.આઈ એમ.વી.લુવા તથા બી.વી.ગોહિલ તથા પો.હેડ.કોન્સ અજયભાઈ બસીયા તથા કલ્પેશભાઈ બોરીચા તથા સાગરભાઈ માવદિયા તથા ધારાભાઈ વાનરીયા તથા પો.કોન્સ વિજયભાઈ મકવાણા તથા યોગેશભાઈ મકવાણા

તા.૨૮/૦૩/૨૦૨૫




(આર.જી.બારોટ)
પોલીસ ઈન્સપેક્ટર
એ ડીવીઝન પો.સ્ટે
રાજકોટ શહેર

RAJKOT CITY Airport
POLICE STATION

# અપહરણ તથા પોક્સોના આરોપીને પકડી પાડતી એરપોર્ટ પોલીસ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી સજનસિંહ પરમાર સાહેબ (ઝોન-૧)તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આર.એસ બારીઆ સાહેબ (ઉત્તર વિભાગ) નાઓએ રાજકોટ શહેર વિસ્તારમાં દાખલ થયેલ ગુન્હાના પકડવાના બાકી આરોપીઓને પકડી પાડવા સુચના કરેલ હોય જે અન્વયે અમો પો.ઇન્સ.આઈ.એનસાવલિયાના માર્ગદર્શન હેઠળ એરપોર્ટ પો.સ્ટે ગુ.ર.ન.-૧૧૨૦૮૦૫૮૨૫૦૦૦૯/૨૦૨૫ બી.એન.એસ કલમ-૧૩૭(૨), ૮૭ મુજબના ગુન્હાનો આરોપી તથા ભોગ બનનાર બંને સગીર વયની બાળકીઓ ઇન્દોર ( મધ્ય પ્રદેશ ) ખાતે હોવાની હકીકત મળતા હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા સદરહુ ગુન્હાના ભોગ બનનાર બંને સગીર વયની બાળકીઓ તથા ભોગ બનનારનુ અપહરણ કરી લઈ જનાર આરોપી ને શોધી બંને સગીર વયની બાળકીઓને તેના કબ્જા માંથી છોડાવી આરોપી વિરૂધ્ધમા ધોરણસર પોલીસ કાર્યવાહી કરેલ છે.

❖ પકડાયેલ આરોપી:-

(૧) વિજય જવરાભાઈ સાડમીયા ઉ.વ ૧૯ , ધંધો મજૂરી,રહે ત્રંબોળા ગામ, તા:ચોટીલા જી: સુરેન્દ્રનગર

❖ કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-

પો.ઇન્સ આઇ.એન સાવલિયા તથા પો.સબ.ઈન્સ એસ.એસ જાડેજા તથા પો.કોન્સ.સારંગભાઈ ઓગાણીયા પો.કોન્સ રમેશભાઈ ડાંગર તથા પો.કોન્સ મોનિકા પાનસુરીયા



| | | |
|---|---|---|
| | **RAJKOT CITY<br>ANTI HUMAN<br>TRAFFICKING UNIT** | |

# અપહરણના ગુનાના કામે ૫ વર્ષ થી ગુમ ભોગબનનાર દિકરીને તથા આરોપીને પુણે મહારાષ્ટ્ર ખાતેથી શોધી કાઢતી A.H.T.U.ની ટીમ.

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશ કુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગડિયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ભરત બી. બસીયા સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવા એન્ટી હયુમન ટ્રાફીકીંગ યુનીટની ટીમને સુચના કરવામાં આવેલ જે અન્વયે,

રાજકોટ શહેર બી-ડિવીઝન પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૩૩૮૬/૨૦૨૦, તા.૨૪/૧૨/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૬૩,૩૬૬ ના કામે અરજદારએ પોતાની દિકરી ગુમ/અપહરણ થયેલ અંગેની ફરીયાદ નોંધાવેલ હતી. જે ગુન્હાની તપાસ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનીટ ને સોપવામા આવેલ હતી. જે ગુન્હામાં ભોગબનનાર તથા આરોપીને શોધી કાઢવા એ.એચ.ટી.યુ.ની ટીમ સતત પ્રયત્નશીલ હતી. આ તપાસ દરમ્યાન ભોગબનનાર તથા આરોપી મહારાષ્ટ્રામા પુણે ખાતે હોવાની શકયતા હોય જેથી હયુમન રિસોર્સસ તથા ટેકનિકલ ઈન્ટેલિજન્સ આધારે સતત બે દિવસ સુધી અલગ -અલગ જગ્યા એ તપાસ કરતા તા.૨૨/03/૨૦૨૫ ના રોજ ગામ-પૌડા ગામા, તાલુકા-મુલસી જિલ્લો- પુણે રાજય -મહારાષ્ટ્ર થી શોધી ભોગબનનારને તેના પરીવાર સાથે મીલન કરાવેલ છે.

આરોપી: રવિ રામસીંગભાઈ નેપાળી , ઉ.વ.૨૧, ધંધો-મજુરી, રહે. પૌડા ગામા, તાલુકા-મુલસી જિલ્લો- પુણે રાજય -મહારાષ્ટ્ર હાલ, મુળ- રાજકોટ

કામગીરી કરનાર:- પો.ઇન્સ.શ્રી ભાર્ગવસિંહ ઝણકાટ તથા પી.એસ.આઇ.શ્રી એચ.એન.ગઢવી તથા એ.એસ.આઇ. હરપાલસિંહ ઝાલા તથા એ.એસ.આઇ. બાદલભાઈ દવે તથા એ.એસ.આઇ. પુષ્પરાજસિંહ પરમાર તથા પો.હેડ.કોન્સ. ધીરેનભાઇ ગઢવી તથા પો.હેડ.કોન્સ. હરસુખભાઇ ડી. વાછાણી તથા પો.હેડ.કોન્સ મહમદઆરીફ અંશારી તથા મહિલા પો.કોન્સ. ભુમીકાબેન ઠાકર તથા કુલદિપસિંહ ઝાલા A.H.T.U. રાજકોટ શહેર.

તા.૨૨/03/૨૦૨૫

(ભાર્ગવસિંહ એમ.ઝણકાટ)
પોલીસ ઇન્સપેક્ટર
એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનીટ
રાજકોટ શહેર.

# આજીડેમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર
## પ્રેસનોટ તા.૨૮/૦૩/૨૦૨૫

**ઈકો કારમાં પેસેન્જરને બેસાડી પેસેન્જરની નજર ચુંકવી તેના ખિસ્સામાંથી રોકડા રૂપીયાની ચોરી કરતા ઈકો કાર ચાલક તથા તેની સાથેના ઈસમને પકડી પાડતી આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમ**

☼ ગઇ તા.૨૧/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના ચારેક વાગ્યા આસપાસ ફરીયાદી પ્રેમજીભાઈ ઉકાભાઈ જાદવ રહે.કનેસરા ગામ, તા.જસદણ જી.રાજકોટ વાળા તથા તેના પત્ની મંજુબેન બન્ને સરધાર જવા માટે આજીડેમ ચોકડીથી ઈકો કારમાં બેસેલ હોય જે કારમાં પહેલેથી કાર ચાલક તથા અન્ય ચાર અજાણ્યા માણસો બેસેલ હોય જેઓએ ફરીયાદીની નજર ચુકવી ફરીયાદીના ખિસ્સામાંથી રોકડા રૂ.૪૦,૦૦૦/- કાઢી ફરીયાદી તથા તેના પત્નીને ને કારમાં ગીરદી વધુ હોવાથી નીચે ઉતારી જતા રહેલ. અને થોડે આગળથી પરત આવી ફરીયાદીને કારમાં તમારા રૂપીયા પડી ગયેલ હતા તેમ કહી રૂ.૧૯,૦૦૦/- પરત આપી રૂ.૨૧,૦૦૦/- ની ચોરી કરી જતા રહેલ હોય જે અંગે ફરીયાદીની ફરીયાદ પરથી આજીડેમ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૨૨૪૦૩૭૪/૨૦૨૪ બી.એન.એસ. કલમ ૩૦૩(૨), ૫૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે અન્વયે

મ્હે.પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર સજનસિંહ પરમાર સાહેબ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.જાધવ સાહેબ (પુર્વ વિભાગ)નાઓના ના માર્ગદર્શન હેઠળ સઘન પેટ્રોલીંગ કરી મિલ્કત સંબંધી અનડીટેકટ ગુન્હા શોધી કાઢવા સુચના કરેલ હોય.

જે અન્વયે રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.બી.જાડેજા ની રાહબરીમાં સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. જે.જી.રાણા તથા સર્વેલન્સ સ્કોડના માણસો જુદી જુદી ટીમો બનાવી સી.સી.ટી.વી. ફુટેજો ચેક કરી, હ્યુમન સોર્સીસ તથા ટેકનીકલ સર્વેલન્સની મદદથી ગુન્હો શોધવાની કામગીરીમાં હતા તે દરમિયાન પો.હેડ.કોન્સ. હરપાલસિંહ જાડેજા તથા પો.કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા તથા હરપાલસિંહ જાડેજા નાઓને મળેલ સંયુક્ત હકીકત આધારે આજીડેમ ચોકડીથી આગળ, ભાવનગર હાઈવે, આર.કે. યુનિવર્સીટીના ગઈટ પાસેથી નીચે જણાવેલ નામ-સરનામા વાળા આરોપીઓને પકડી ગુન્હાના કામે ઉપયોગમાં લીધેલ ઈકો કાર તથા ચોરીમાં મેળવેલ રોકડા રૂપીયા કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

☼ પકડાયેલ આરોપીઓના નામ સરનામા :-

(૧) પ્રવિણ ઉર્ફે માસ ભીખાભાઈ વાઘેલા ઉ.વ.૩ર રહે.કાંગશીયાળી ગામ, તા.લોધીકા જી.રાજકોટ

(૨) કૃપાલ ભનુભાઈ જાદવ ઉ.વ.૨૫ રહે.વિશ્વ સીટી એપાર્ટમેન્ટ, પહેલા માળે, શાપર(વેરાવળ), જી.રાજકોટ, મુળ-રામપરા ગામ, તા.ગઢડા, જી.બોટાદ

## *વોન્ટેડ આરોપીઓ:-*

(૧) પ્રકાશ ઉર્ફે પકો

(૨) નિશાંત ઉર્ફે મુનો

(૩) સાગર

## **કબ્જે કરેલ મુદામાલ :-**

(૧) મારૂતી ઈકો કાર રજી.નં.GJ03NF 4825 કિ.રૂ.3,00,000/-

(૨) રોકડા રૂ.૮000/-

## આરોપીની મોડસ ઓપરેન્ડી :-

**આ કામના આરોપીઓ શાપર થી રોજ વહેલી સવારે ઇક્કો કાર લઇ અલગ અલગ જીલ્લા રાજકોટ,અમરેલી,જામનગર,મોરબી તથા સુરેન્દ્રનગર આમ રોજ આશરે ૩00-૪00 કિ.મી ફરી અલગ અલગ પેસેન્જરને ટાર્ગેટ કરી પેસેન્જરને ગાડીમા બેસાડી ધક્કા મુક્કી કરી તેઓની નજર ચુકવી પૈસા શેરવી લઇ થોડા આગળ જઇ પેસેન્જરને ઉતારી ગુન્હો કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.**

## *આરોપી કૃપાલ ભનુભાઇ જાદવએ આપેલ કબુલાત :-*

**આ કામના આરોપી કૃપાલ,સાગર,પ્રકાશ ઉર્ફે પકો,નિશાંત ઉર્ફે મુનો ઇક્કો ગાડી લઇ શાપર થી રોજ વહેલી સવારે ઇક્કો કાર રજી.નં.GJ03NF 4825 વાળી લઇ અલગ અલગ જીલ્લા ફરી અલગ અલગ પેસેન્જરને ટાર્ગેટ કરી પેસેન્જરને ગાડીમા બેસાડી ધક્કા મુક્કી કરી તેઓની નજર ચુકવી પૈસા શેરવી લેવાની કબુલાત આપેલ છે**

| | |
|---|---|
| ૧ | આજથી આશરે વીસેક દીવસ પહેલા આ કામના આરોપીઓએ ઇક્કો ગાડી લઇ શાપર થી ગોંડલ ચોકડી વચ્ચે એક પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૨૦,000/- કાઢી લીધેલ અને બાદ પેસેન્જરને રૂ.૧૦,000/- પરત આપેલ હોવાની કબુલાત આપેલ. |
| ૨ | આજથી આશરે સોળ દીવસ પહેલા આ કામના આરોપીઓએ શાપર-વેરાવળ થી નીકળી મોરબી પાસે લીલાપર ગામ પાસે એક પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૮,000/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ. |
| ૩ | આજથી આશરે પંદર દીવસ પહેલા આ કામના આરોપીઓએ વાંકાનેર પાસે એક પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૩૫00/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ |

| | |
|---|---|
| ૪ | આજથી આશરે ચૌદ દીવસ પહેલા આ કામના આરોપીઓએ શાપર-વેરાવળથી નીકળી જામનગર રોડ પર એક પેસેન્જરને જામનગર જવાનુ હોય તેને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૧૩,૦૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ |
| ૫ | આજથી આશરે તેર દીવસ પહેલા વહેલી સવારે આ કામના આરોપીઓએ શાપર-વેરાવળ થી અમરેલી વચ્ચે અલગ-અલગ ત્રણ પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી પેસેન્જર પાસેથી અનુક્રમે રૂ.૨૫૦૦/- રૂ.૫૦૦૦/- રૂ.૧૫૦૦/- એમ કુલ આશરે કુલ રૂ.૯,૦૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ. |
| ૬ | આજથી આશરે બાર દીવસ પહેલા આ કામના આરોપીઓએ શાપર-વેરાવળ થી વીરપુર વચ્ચે ગામડાઓમા ફરી એક પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૧૫૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ |
| ૭ | આજથી આશરે અગિયાર દીવસ પહેલા આ કામના આરોપીઓએ શાપર-વેરાવળ થી નીકળી રાજકોટ-ચોટીલા-મુળી-સુરેન્દ્રનગર-નળસરોવર-લીબડી થઇ ફરી પાછા શાપર-વેરાવળ પરત આવતી વખતે વચ્ચે એક પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૮,૦૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ. |
| ૮ | આજથી આશરે દસેક દીવસ પહેલા આ કામના આરોપીઓએ શાપર-વેરાવળ થી નીકળી ધ્રોલ પાસે એક પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૫૦૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ. |
| ૯ | આજથી આશરે નવેક દીવસ પહેલા વહેલી સવારે આ કામના આરોપીઓએ શાપર-વેરાવળ થી મોરબી-વાંકાનેર-કુવાડવા થઇ ફરી પાછા શાપર-વેરાવળ આવતા અલગ-અલગ ત્રણ પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી પેસેન્જર પાસેથી અનુક્રમે રૂ.૧૫૦૦/- રૂ.૩૦૦૦/- રૂ.૫૦૦/- એમ આશરે કુલ રૂ.૫,૦૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ. |
| ૧૦ | આજથી આશરે આઠેક દીવસ પહેલા આ કામના આરોપીઓએ શાપર-વેરાવળ થી ધોરાજી-ઉપલેટા-જેતપુર થઇ ફરી પાછા શાપર-વેરાવળ આવતા અલગ-અલગ ત્રણ પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી પેસેન્જર પાસેથી આશરે કુલ રૂ.૧૨,૦૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ. |
| ૧૧ | આજથી આશરે સાતેક દીવસ પહેલા આ કામના આરોપીઓએ આજીડેમ ચોકડી થી એક પેસેન્જરને જસદણ જવા માટે ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૧૫૦૦/- કાઢી લીધેલ અને આજીડેમ પાસે ઉતારી દીધેલ હોવાની કબુલાત આપેલ. |
| ૧૨ | આજથી આશરે પાંચેક દીવસ પહેલા આ કામના આરોપીઓએ શાપર-વેરાવળ થી નીકળી ધ્રોલ ગયેલ અને ત્યાથી પરત ફરતી વખતે અલગ-અલગ ત્રણ પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૧૦,૦૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ. |
| ૧૩ | આજથી આશરે ચારેક દીવસ પહેલા આ કામના આરોપીઓ શાપર-વેરાવળથી નીકળી મોરબી પાસે એક પેસેન્જરને ઇક્કો ગાડીમા બેસાડી આશરે રૂ.૧૫,૦૦૦/- કાઢી લીધેલ હોવાની કબુલાત આપેલ. |

## *આરોપીઓનો ગુન્હાહીત ઈતિહાસ:-*

આરોપી પ્રવિણ ઉર્ફે માસ ભીખાભાઈ વાઘેલા

(૧)ભક્તિનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૨૨૦૦૯૮૫/૨૦૨૦ પ્રોહી.એક્ટ કલમ ૬૫(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧

(૨)મોરબી તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૯૦૦૫૨૩૧૮૭૯/૨૦૨૩ જી.પી.એક્ટ કલમ કલમ ૧૨૨(સી)

(૩)આજીડેમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૦૨૨૪૦૬૪૦/૨૦૨૪ બી.એન.એસ. કલમ ૩૦૩(૨)

## આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

પોલીસ ઇન્સ. એ.બી.જાડેજા તથા પો.સબ.ઇન્સ. જે.જી.રાણા તથા એ.એસ.આઇ. હારૂનભાઇ ચાનીયા તથા રવિભાઇ વાંક તથા પો.હેડ.કોન્સ. પિયુષભાઇ ચીરોડીયા તથા દિગ્પાલસિંહ જાડેજા તથા હરપાલસિંહ જાડેજા તથા પો.કોન્સ. પ્રદિપસિંહ ગોહીલ તથા જગદીશસિંહ પરમાર તથા દિવ્યરાજસિંહ જાડેજા તથા મહેશભાઇ કોઠીવાળ તથા હરપાલસિંહ જાડેજા તથા દેવાભાઇ ધરજીયા તથા સંજરાજભાઇ બારોટ તથા ગોપાલભાઇ બોળીયા તથા વિશ્વરાજસિંહ પરમાર



(એ.બી.જાડેજા)
પોલીસ ઈન્સ્પેકટર
આજીડેમ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

**સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન**
**રાજકોટ શહેર**
**પ્રેસનોટ**

# શેર માર્કેટના નામે ફેક એન્ડ્રોઈડ એપ્લીકેશન ડાઉનલોડ કરવી રોકાણના નામે અલગ-અલગ ખાતાઓમા રૂ.૫૫,૦૦,૫૯૪/- રકમની છેતરપીંડીના ગુન્હામા બે આરોપીને રાજસ્થાનથી પકડી પાડતી રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પો.સ્ટે.

રાજકોટ શહેર **પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ** તથા **અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેંદ્ર બગરીયા સાહેબ** તથા **નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ અને સ્પેશીયલ બ્રાંચ ડો.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ** તથા **ઈ.ચા.મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી સી.એમ.પટેલ સાહેબનાઓએ** રાજકોટ શહેરના નાગરીકો સાથે થયેલ સાયબર ફ્રોડના કીસ્સામા આરોપીઓને પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે ફર્સ્ટ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ કૈલા સા. તથા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ. ઝણકાત તથા બી. બી. જાડેજા સા.ના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પો.સ્ટે.ની ટીમ કાર્યરત હોય. જે અંગે અત્રે પો.સ્ટે. ગુ.ર.ન.૧૧૨૦૮૦૫૭૨૫૦૦૨૭/૨૪ આઈ.પી.સી. ની કલમ ૪૦૬,૪૨૦ તથા આઇટી એકટ ની કલમ ૬૬ (ડી) મુજબ જાહેર થયેલ જે અંગે સાયબર ફ્રોડના નાણા ફેરવતા નીચે દર્શાવેલ નામવાળા આરોપીઓને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરેલ છે.

| | |
|---|---|
|  | **આરોપીઓના નામ સરનામા:-**<br>**(૧)** મુસ્તાક અલી મોહમદસફી જાતે-મુસ્લીમ ઉ.વ.-૩૯ ધંધો-વેપાર રહે- પ્લોટ નં-૧૫ ખેતાનાડી મંડોર રોડ જોધપુર રાજસ્થાન |
|  | **(૨)** લુમ્બસિંહ માધુસિંહ રાવત જાતે- રાજપુત ઉવ-૩૦ ધંધો-ડ્રાઇવીંગ રહે- હાલ બધાસીયા સ્કુલની બાજુમાં બિચલા વાસ જોધપુર ભાડેથી મુળ ગામ-સુરડીયા તા.બ્યાવર જી-અરજમેર રાજસ્થાન |

સદર ગુનાની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ રાવત એન્ટરપ્રાઇઝ નામની પેઢી ઉભી કરી તેના પ્રોપરાઇટર તરીકે આરોપી નં.૦૨ રહ્યા હતા. તેમજ પેઢીના નામે એસ.બી.આઇ. બેંકમા કરંટ ખાતુ ખોલાવી તેનો ઉપયોગ સાયબર ફ્રોડ નાણાના ટ્રાંન્જેકશન કરવા અંગે ગુન્હો કર્યા બાબત.

**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી :**

**પોલીસ ઈન્સ્પેકટર એમ.એ. ઝણકાત , બી. બી. જાડેજા તથા એ.એસ.આઇ. વિવેકભાઇ એન. કુછડીયા તથા પો.હેડ કોન્સ. દિગ્વીજયસિંહ પી. ઝાલા તથા પો.કોન્સ. હર્ષરાજસિંહ એસ. જાડેજા , કિશોરસિંહ પી. ઝાલા તથા લોકરક્ષક કિશોરભાઇ કે. રંગાણી**

તા.૨૧/૦૩/૨૦૨૫

**પોલીસ ઇન્સપેકટર**
**સાયબર ક્રાઇમ પો.સ્ટે.**
**રાજકોટ શહેર, ગુજરાત**

# સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન
# રાજકોટ શહેર
# પ્રેસનોટ

## શેર માર્કેટના નામે ફેક એન્ડ્રોઈડ એપ્લીકેશન ડાઉનલોડ કરવી રોકાણના નામે અલગ-અલગ ખાતાઓમા રૂ.૫૫,૦૦,૫૯૪/- જેવી રકમની છેતરપીંડીના ગુન્હામા સાયબર ક્રાઇમ પોલીસ વેશ પલ્ટો કરી માધોપુર રાજસ્થાન ખાતેથી આરોપીને પકડી પાડતી રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પો.સ્ટે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેંદ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ અને સ્પેશીયલ બ્રાંચ ડો.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ તથા ઈ.ચા.મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી સી.એમ.પટેલ સાહેબનાઓએ રાજકોટ શહેરના નાગરીકો સાથે થયેલ સાયબર ફ્રોડના કીસ્સામા આરોપીઓને પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે ફર્સ્ટ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ કૈલા સા. તથા પોલીસ ઈન્સ્પેક્ટર બી. બી. જાડેજા સા.ના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પો.સ્ટે.ની ટીમ કાર્યરત હોય. જે અંગે અત્રે પો.સ્ટે. ગુ.ર.ન.૧૧૨૦૮૦૫૭૨૫૦૦૨૭/૨૪ આઈ.પી.સી. ની કલમ ૪૦૬,૪૨૦ તથા આઇટી એકટ ની કલમ ૬૬ (ડી) મુજબ જાહેર થયેલ જે અંગે સાયબર ફ્રોડના નાણા ફેરવતા નીચે દર્શાવેલ નામવાળા આરોપીઓને તે પેઢીના સરનામે તથા રહેઠાણ એડ્રેસમા સવાઇ માધોપુર રાજસ્થાન ખાતે સાયબર ક્રાઇમ પોલીસ વેશ પલટો કરી છટકુ ગોઠવી આરોપીને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરેલ છે.

| | |
|---|---|
|  | **આરોપીઓના નામ સરનામા:-**<br>(૧) રૂપરેશ ગજાનંદ શર્મા<br>જાતે:બ્રામ્હણ ઉ.વ.૨૪ ધંધો- ઇન્વેટર ફીટીંગ રહે.ગામ બોરીફ પો.સ્ટ. જીનાપુર બોરીફ સવાઇ માધોપુર રાજસ્થાન |

સદર ગુનાની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તેના નામે પ્રોપરાઇટર તરીકેની બોગસ પેઢી ઉભી કરી. તેમજ તે પેઢીના નામે કરંટ બેંક એકાઉન્ટમા સાયબર ફ્રોડના નાણા ટ્રાંન્સફર કરી ગુન્હો કર્યા બાબત.

કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી :

પોલીસ ઈન્સ્પેકટર એમ.એ. ઝણકાત સા. તથા પો.હેડ કોન્સ. દિગ્વીજયસિંહ પી. ઝાલા

તા.૨૬/03/૨૦૨૫

પોલીસ ઇન્સપેકટર
સાયબર ક્રાઇમ પો.સ્ટે.
રાજકોટ શહેર,ગુજરાત.


प्रो. मनराज सैनी M. 9799369594

**પ્રેસનોટ**

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ શહેરમાં સિનર્જી હોસ્પિટલથી એચ.સી.જી. હોસ્પિટલ વચ્ચે જાહેર રોડ પર થયેલ મોબાઇલ ફોનની લૂંટનાં મુદ્દામાલ ફોન સાથે એક ઇસમને પકડી પાડી લૂંટનો અનડીટેક્ટ ગુન્હો ડીટેક્ટ કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ભરત બી.બસીયા સાહેબ દ્વારા અનડીટેક્ટ ચોરી/લૂંટનાં ગુન્હાઓ ડીટેકટ કરવા તેમજ આવા બનાવો બનતા અટકાવવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે અસરકારક કામગીરી કરવા સૂચના થયેલ હોય જે અન્વયે ડી.સી.બી. ક્રાઇમ બ્રાન્ચનાં પોલીસ ઇન્સ્પેકટર, એમ.આર.ગોંડલીયા તથા એમ.એલ.ડામોર તથા સી.એચ.જાદવ સાહેબનાં માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી એમ.કે.મોવલીયા તથા તેમની ટીમના પોલીસ સ્ટાફનાં માણસો સતત પ્રયત્નશીલ રહેલ જેમાં પો. હેડ કોન્સ. સંજયભાઇ આર. દાફડા તથા પોલીસ કોન્સ. તુલશીભાઇ ચુડાસમા તથા સંજયભાઇ ખાખરીયા એ આજરોજ પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોક્કસ હકીકત આધારે ગઇ તા.૧૨/૦૩/૨૦૨૫ નાં સાંજનાં ૧૯.૩૦ વાગ્યે શ્રી બળવંતભાઇ પ્રમેજીભાઇ બલદેવ ઉ.વ.૭૭ રહે. રાજકોટ વાળા મંદિરેથી દર્શન કરીને પોતાનાં મોબાઇલ ફોનની લાઇટ ચાલુ રાખી રાજકોટ શહેર સિનર્જી હોસ્પિટલ થી એચ.સી.જી. હોસ્પિટલ વચ્ચે જાહેર રોડ પર પગે ચાલીને પોતાનાં ઘરે જતા હોય ત્યારે એક ઇસમ આ મોબાઇલ ફોનની લૂંટ કરીને નાસી ગયેલ હોય જે લૂંટમાં ગયેલ મોબાઇલ ફોન સાથે જામનગર હાઇવે રોડ, પરા પીપળીયા નજીક, એકતા સોસાયટી ( ક્વાર્ટર ) નાં રોડ કાંઠેથી એક ઇસમને પકડી પાડી આ અન ડિટેક્ટ ગુન્હો ડીટેક્ટ કરીને કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

- **આરોપી :-**

  મુન્નાભાઇ વેરસીભાઇ સોલંકી જાતે વેડવા દેવીપૂજક ઉ.વ.૩૫ ધંધો મજુરી
  રહે. પુનિતનગર, વાવડી રોડ, પુનિતનાં ટાંકા પાસે, ઝુંપડામાં, રાજકોટ શહેર મો.નં.૯૯૦૪૩૩૨૨૮૩

- **કબ્જે કરેલ મુદામાલ :-**

| ક્રમ | મુદ્દામાલની વિગત | સંખ્યા | બીલ મુજબ કિ.રૂ. |
|---|---|---|---|
| ૧ | Realme કંપનીનો Narzo 10 - RMX 2040 મોડલનો 4 GB RAM વાળો IMEI - 1 નં. 865136047372558 તથા IMEI - 2 નં. 865136047372551 વાળો મોબાઇલ ફોન | ૧ | ૧૨,૯૯૯/- |

➢ **<u>ડીટેકટ કરેલ ગુન્હો :-</u>**

**રાજકોટ શહેર, ગાંધીગ્રામ પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૩૫૨૫૦૧૭૮/૨૦૨૫ બી.એન.એસ. કલમ ૩૦૪**

➢ **<u>આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ :-</u>**

**(૧) રાજકોટ ગ્રામ્ય, શાપર વેરાવળ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૨૧૩૦૯૧૨૦૧૧૬૫/૨૦૨૦ આઇ.પી.સી. કલમ - ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ કલમ - ૧૩૫**

**(૨) રાજકોટ ગ્રામ્ય, શાપર વેરાવળ પો.સ્ટે. ગુ.ર.નં. ફર્સ્ટ ૦૦૪૮/૨૦૧૫ આઇ.પી.સી. કલમ - ૩૭૯, ૪૪૭, ૧૧૪**

➢ **<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:-</u>**

**રાજકોટ શહેર, ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા તથા પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એલ.ડામોર તથા સી.એચ.જાદવ તથા પો.સબ ઇન્સ. શ્રી.એમ.કે.મોવલીયા, એ.એસ.આઇ. અશોક કલાલ, રણજીતસિંહ પઢારીયા તથા પો. હેડ કોન્સ. સંજયભાઇ દાફડા, ધર્મેન્દ્રસિંહ ડી. જાડેજા તથા પોલીસ કોન્સ. તુલશીભાઇ ચુડાસમા, સંજયભાઇ ખાખરીયા દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.**

**તા.૨૭/૦૩/૨૦૨૫**

**( એમ.આર.ગોંડલીયા )**
**પોલીસ ઇન્સ્પેક્ટર**
**ડી.સી.બી. પોલીસ સ્ટેશન**
**રાજકોટ શહેર**



પ્રેસનોટ

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ શહેર, સંતકબીર રોડ, ઇમીટેશન માર્કેટમાં આવેલ ત્રણ દુકાનોમાં એક સાથે થયેલ ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીઓને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ, તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ, તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી (ક્રાઇમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) શ્રી બી.બી.બસીયા સાહેબ દ્વારા મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે અન-ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.આર.ગોંડલીયા સાહેબ તથા એમ.એલ. ડામોર તથા સી.એચ.જાદવ સાહેબ ના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.ડી.ડોડીયાની ટીમના પોલીસ સ્ટાફના માણસો રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પોલીસ હેડ કોન્સ્ટેબલ અમીતભાઇ અગ્રાવત, રાજેશભાઇ જળુ તથા પો.કોન્સ. પ્રદિપસિંહ જાડેજા ને મળેલ ચોક્કસ હકીકત આધારે ચોરીના મુદ્દામાલ સાથે નીચે જણાવેલ નામ વાળા આરોપીઓને રાજકોટ શહેર, જામનગર રોડ ખાતેથી પકડી પાડી રાજકોટ શહેર, બી-ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૧૨૪ ૦૦૩૭/૨૦૨૪ આઇ.પી.સી. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના કામે સંતકબીર રોડ, ઇમીટેશન માર્કેટમાં આવેલ ડેનીશા સેલ્સ તથા ગણપતી સેલ્સ તથા મીત્તલ જ્વેલરી નામની ત્રણ દુકાનોમાં એક સાથે થયેલ ઘરફોડ ચોરીનો ગુન્હો ડિટેક્ટ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- **આરોપી:-**

(૧) નીતેશ શાંતિલાલ ખરાડી ઉ.વ. ૨૩ રહે-ફતેપુરા ગામ, તા.જી.બાંસવાડા રાજસ્થાન

(૨) ગણપત ઉર્ફે ગણેશ સ/ઓ અભીયાભાઇ ઉર્ફે અબુભાઇ મઇડા ઉ.વ.૨૫ રહે- હાલ મુંજકા-ઇશ્વરીયા રોડ, પુજા મંડપ સર્વિસના ગોડાઉનમાં, રાજકોટ શહેર મૂળ રહે- હેરાપાડા ગામ, સંગ્રોડ પંચાયત, તા.જી.બાંસવાડા, રાજસ્થાન

- **પકડવાનો બાકી આરોપી:-**

રામેશ્વર ઉર્ફે રમેશ નાથુ નીનામા રહે-મલવાસા ગામ તા.જી. બાંસવાડા, રાજસ્થાન

➢ **કબ્જે કરેલ મુદ્દામાલ:-**

રોકડા રૂપીયા ૧૦,૦૦૦/-

➢ **ડીટેકટ કરેલ ગુન્હો :-**

રાજકોટ શહેર, બી-ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૧૨૪૦૦૩૭/૨૦૨૪ આઇ.પી.સી. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦

➢ **ગુન્હાહિત ઇતિહાસ :-**

આરોપી નીતેશ શાંતિલાલ ખરાડી:-

(૧) રાજસ્થાન, બાંસવાડા પો.સ્ટે. ગુ.ર.નં. ০૪૪૬/૨૦૨૨ આઇ.પી.સી. ક.૧૪૩,૩૪૧,૩૨૭,૧૪૯

(૨) રાજકોટ શહેર, એ-ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૦૨૫૦૨૩૨/૨૦૨૫ બી.એન.એસ. કલમ-૩૦૫,૩૩૧(૧),૩૩૧(૪),૩(૫)

પકડવાનો બાકી આરોપી રામેશ્વર ઉર્ફે રમેશ નાથુ નીનામા:-

(૧) રાજસ્થાન,સદર બાંસવાડા પો.સ્ટે. ગુ.ર.નં.૦૨૭૮/૨૦૧૩ આઇ.પી.સી. ક.૩૨૩,૩૨૭,૫૦૪વિ.

(૨) રાજસ્થાન,સદર બાંસવાડા પો.સ્ટે. ગુ.ર.નં.૦૨૮૦/૨૦૧૪ આઇ.પી.સી. ક.૩૩૨,૩૫૩

(૩) રાજસ્થાન,સદર બાંસવાડા પો.સ્ટે. ગુ.ર.નં.૦૩૩૬/૨૦૨૧ આઇ.પી.સી.ક.૩૨૩,૩૦૮,૩૪૧ વિ.

(૪) રાજકોટ શહેર, એ-ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૦૨૫૦૨૩૨/૨૦૨૫ બી.એન.એસ. કલમ-૩૦૫,૩૩૧(૧),૩૩૧(૪),૩(૫)

➢ **કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-**

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.આર.ગોંડલીયા તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.એલ.ડામોર તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સી.એચ.જાદવ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.ડી.ડોડીયા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ અમીતભાઇ અગ્રાવત, દિપકભાઇ ચૌહાણ, સંજયભાઇ રૂપાપરા, મયુરભાઇ મિયાત્રા, રાજેશભાઇ જળુ તથા પોલીસ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ જાડેજા, વિશાલભાઇ દવે નાઓ દ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

તા.૨૯/૦૩/૨૦૨૫

(એમ.આર.ગોંડલીયા)
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર


DCB
CRIME BRANCH, RAJKOT CITY
RAJKOT CITY
सतर्क समर्थ सशक्त
CRIME BRANCH

# આજીડેમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર

## પ્રેસનોટ તા-૨૬/૦૩/૨૦૨૫

### ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો શોધી કાઢતી રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશન ટીમ

મ્હે.પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી સજનસિંહ પરમાર સાહેબ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.જાધવ સાહેબ (પુર્વ વિભાગ) નાઓના માર્ગદર્શન હેઠળ દારૂ જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ હોય

જે અન્વયે આજરોજ તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ અમો પોલીસ ઇન્સ્પેકટર એ.બી.જાડેજા ની રાહબરીમાં આજીડેમ પોલીસ સ્ટેશનના સરધાર આઉટ પોસ્ટ ના પો.સબ.ઈન્સ. એસ.વી.ગોહીલ તથા પોલીસ કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો.કોન્સ. વિરેન્દ્રસિંહ જાડેજા તથા કુલદીપસિંહ જાડેજા નાઓને મળેલ સંયુક્ત હકીકત આધારે રાજકોટ-ભાવનગર હાઇવે રોડ, કાળીપાટ ગામના પાટીયાથી ગઢકા ગામના પાટીયા વચ્ચે કસ્તુરબાધામ ત્રંબા ગામ રોડ ઉપરથી ટોયોટા ઈનોવા કાર રજી.નં. **GJ03JR 0770** માંથી નીચે જણાવેલ નામવાળા કાર ચાલકને વિદેશી દારૂના જથ્થા સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

***આરોપીનુ નામ-સરનામું:-***

શિવમ જનકભાઇ ભડીંગજી ઉ.વ.-૨૨ રહે. ઇન્દીરાનગર મેઇન રોડ, દેવપરા રાજકોટ

***વોન્ટેડ આરોપીઓ-***

(૧) કારમાં ઈંગ્લીશ દારૂ ભરી આપનાર અજાણ્યો ઈસમ

(૨) ધવલ સાવલીયા રહે.રાજકોટ (ઈંગ્લીશ દારૂ મંગાવનાર)

(૩) ટોયોટા ઇનોવા કાર નં. **GJ03JR 0770** ના માલીક

***કબ્જે કરેલ મુદામાલ :-***

(૧) ભારતીય બનાવટની વિદેશી દારૂની રોયલ ચેલેન્જ ફાઈન રીઝર્વ વ્હીસ્ક ૭૫૦ એમ.એલ.ની બોટલો નંગ-૧૦૫ ની કિ.રૂ.૭૨,૦૩૦/-

(૨) ભારતીય બનાવટની વિદેશી દારૂની મેકડોવેલ્સ નં.૧ ડીલક્ષ વ્હીસ્કની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ- ૬૭ કિ.રૂ.૩૭,૬૫૨/-

(૩) ભારતીય બનાવટની વિદેશી દારૂની રોયલ સ્ટગ સુપેરીયર વ્હીસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૩૫ કિ.રૂ.૨૪,૪૬૫/-

(૪) હેવર્ડ ૫૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયરના ૫૦૦ એમ.એલ.ના ટીન નંગ-૩૪ કિ.રૂ.૪૧૮૨/-

(૫) એપલ આઈફોન ૧૨ મીની મોબાઈલ ફોન કિ.રૂ. ૧૫૦૦૦/-

(૬) ટોયોટા ઇનોવા કાર રજી.નં. **GJ03JR 0770** કિ.રૂ.૩,૦૦,૦૦૦/-

કુલ મુદ્દામાલ કિં.રૂ. ૪,૫૩,૩૨૯/-

☼ ***<u>આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-</u>***

પોલીસ ઇન્સ. એ.બી.જાડેજા તથા પો.સબ.ઇન્સ. એસ.વી.ગોહીલ એ.એસ.આઈ. ધનરાજસિંહ જાડેજા તથા પો.હેડ.કોન્સ. હેમંતભાઈ ધરજીયા તથા પો.કોન્સ. વિરેન્દ્રસિંહ જાડેજા તથા કુલદીપસિંહ જાડેજા તથા અજયભાઈ હુંબલ તથા કૃષ્ણવીરસિંહ ગોહીલ તથા હરીસંગભાઈ પરમાર

(એ.બી.જાડેજા)
પોલીસ ઈન્સ્પેકટર
આજીડેમ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# આજીડેમ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર
## પ્રેસનોટ તા.૩૧/૦૩/૨૦૨૫

**ગેરકાયદેસર દેશી બનાવટના તમંચા તથા જીવતા કાર્ટીઝ નંગ-૨ સાથે એક ઈસમને પકડી પાડતી આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમ**

મ્હે.પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી સજનસિંહ પરમાર સાહેબ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.જાધવ સાહેબ (પુર્વ વિભાગ) નાઓના ના માર્ગદર્શન હેઠળ સંવેદનશીલ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી ગેરકાયદેસર હથીયાર ધરાવતા ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી સુચના કરેલ હોય.

જે અન્વયે રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.બી.જાડેજા સાહેબની રાહબરીમાં સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. જે.જી.રાણા તથા સર્વેલન્સ સ્કોડના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન એ.એસ.આઈ. રવિભાઈ દિલીપભાઈ વાંક તથા હારૂનરસીદ રમજુભાઈ ચાનીયા નાઓને મળેલ હકીકતના આધારે રાજકોટ, રોલેક્ષ રોડ, સાંઈબાબા સર્કલ નજીકથી નીચે જણાવેલ ઈસમને ગેરકાયદેસર દેશી બનાવટનો તમંચો તથા જીવતા કાર્ટીઝ નંગ-૨ સાથે પકડી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

### આરોપીનું નામ સરનામું:-

રાજનકુમાર સદાનંદ ગૌતમ ઉ.વ.૨૩ ધંધો-મજુરી રહે. સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, સોમનાથ વે બ્રીજ પાસે, ગુલાબનગર બાજુમાં, રોલેક્ષ રોડ, રાજકોટ મુળ:- બલનપુર ગામ, પોસ્ટ. જંગીગંજ થાના.ગોપીગંજ જી.બધોઈ રાજ્ય-ઉતરપ્રદેશ

### કબ્જે કરેલ મુદામાલ

(૧) દેશી બનાવટનો તમંચો નંગ-૧ કિ.રૂ.૫૦૦૦/-
(૨) જીવતા કાર્ટીઝ નંગ-૨ કિ.રૂ.૨૦૦/-
કુલ કિ.રૂ.૫૨૦૦/-

### આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-

પોલીસ ઇન્સ. એ.બી.જાડેજા તથા પો.સબ.ઈન્સ. જે.જી.રાણા તથા એ.એસ.આઇ. હારૂનભાઇ ચાનીયા તથા રવિભાઇ વાંક તથા પો.હેડ.કોન્સ. પિયુષભાઈ ચિરોડીયા તથા દિગ્પાલસિંહ જાડેજા તથા હરપાલસિંહ જાડેજા તથા પો.કોન્સ. પ્રદિપસિંહ ગોહીલ તથા જગદીશસિંહ પરમાર તથા દિવ્યરાજસિંહ જાડેજા તથા ગોપાલભાઈ બોળીયા તથા મહેશભાઇ કોઠીવાળ તથા હરપાલસિંહ જાડેજા તથા દેવાભાઈ ધરજીયા તથા સંજયરાજ બારોટ તથા વિશ્વરાજસિંહ પરમાર

(એ.બી.જાડેજા)
પોલીસ ઈન્સ્પેકટર
આજીડેમ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
૧૫૦ ફુટ રીંગ રોડ, મોદી સ્કુલ બાજુમાં રાજકોટ
E mail :- polstn-gandhi-raj@gujarat.gov.in
ફોન નં - ૦૨૮૧-૨૫૮૮૦૮૫

# વણશોધાયેલ મંદિર ચોરીના ગુન્હાના આરોપીઓને ચોરીમાં ગયેલ રોકડ રકમ તથા ગુન્હામાં ઉપયોગ કરેલ ઓટો રીક્ષા સાથે પકડી પાડતી ગાંધીગ્રામ પોલીસ સર્લેન્સ સ્કોર્ડ ટીમ

પોલીસ કમીશ્નર શ્રી બ્રજેશ કુમાર ઝા સાહેબ તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી મહેન્દ્ર બગરીયા સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૨ શ્રી જગદીશ બાંગરવા સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી રાધિકા ભારાઇ સાહેબ પશ્ચિમ વિભાગ નાઓએ મીલકત સબંધીત ગુન્હાઓમાં વણશોધાયેલ ગુન્હાઓમાં પકડવાના બાકી આરોપીઓ તેમજ નાસતા-ફરતા આરોપી તેમજ ચોર મુદામાલ શોધી કાઢવા સુચના આપેલ હોય જેથી અમો પો.ઈન્સ. એસ.આર.મેધાણી નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એસ.બી.જાડેજા તથા સર્વેલન્સ સ્કોર્ડના કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અવાર નવાર થતી ઘરફોડ ચોરી, મોટર સાઇકલ ચોરી તેમજ મંદિર ચોરીના બનાવ વાળી જગ્યાઓના આજુ-બાજુના વિસ્તારમાં સખત અને સધન પેટ્રોલીંગ રાખી તેમજ સદરહુ વિસ્તારમાં આવેલ સોસાયટીઓ તેમજ આઇ-વે પ્રોજેકટના સી.સી.ટી.વી કુટેજ ચેક કરીને તેમાં જોવામાં આવતા શંકાસ્પદ ઇસમો તેમજ ચોરીમાં દેખાય આવતા ઇસમોના સી.સી.ટી.વી. કુટેજ મેળવી તેમજ ચોર ઇસમના આવવા જવાના રૂટના સી.સી.ટી.વી કુટેજ ચેક કરતા નીચે મુજબના મંદિર ચોરીના ગુન્હાના કુટેજમાં જણાઇ આવેલ ઇસમ બાબતે અત્રેના સર્વેલન્સ સ્કોર્ડના માણસો સી.સી.ટી.વી. કુટેજ આધારે ઓળખી અને સદરહું કુટેજમાં દેખાયેલ ઇસમ આરોપી વિવેક બીરેન્દ્રસિંગ ચૌહાણ રહે હાલ.રાજકોટ મુળ.યુ.પી વાળો હોય જેથી સદરહું આરોપી રાજકોટ શહેરમાં અલગ અલગ જગ્યાએ રખડતો ભટકતો હોય અને કોઇ સ્થાયી એડ્રેસ ન હોય જેથી સદરહું આરોપીને શોધી કાઢવા સારૂ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં અલગ અલગ ટીમો બનાવી અનડીટેક મંદિર ચોરીનો ગુન્હો ડીટેકટ કરવા પ્રયત્નસીલ હતા જેમાં સયુકત હકીકત હકીકત આધારે, ૧૫૦ ફુટ રીંગ રોડ શીતલ પાર્ક મે.રોડ એરપોર્ટ દિવાલ પાસે જાહેર રોડ ઉપર નીચે જણાવેલ ઇસમોને ઓટો રીક્ષા રજી નં. GJ-03-AW-0178 સાથે પકડી યુકતી પ્રયુકતી થી પુછપરછ કરતા સદરહું મજકુર ત્રણેય ઇસમોએ મળી ગઇ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રાત્રીના ચારેક વાગ્યાના સુમારે જામનગર રોડ ઉપર આવેલ ગાયત્રીધામ સોસાયટીમાં આવેલ મહાદેવના મંદિરના પરીસરમાં રહેલ દાનપેટી તોડી તેમાં રહેલ રોકડ રકમની ચોરી કરેલ હોવાની હકીકત જણાવતા અને તે અંગે ગાંધીગ્રામ પો. સ્ટે નીચેની વિગતે ગુન્હો રજી. થયેલ હોય જેથી મજકુર ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## પકડાયેલ આરોપીઓનુ નામ

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | વિવેક બીરેન્દ્રસિંગ ચૌહાણ ઉ.વ.૩૯ ધંધો.મજુરીકામ રહે. હાલ ગ્રીન લેન્ડ ચોકડી પાસે, રામદેવ સ્ટોલ ચૈન્મય એપાર્ટમેન્ટ ખાતે રાજકોટ મુળ રહે.પીપપહાડી ગામ તા.તીલદુહારી જી.કાનપુર ઉતર પ્રદેશ. |
| ૨. | ઇકબાલ મહમદઅલી મકરાણી ઉ.વ.૩૯ ધંધો.મજુરીકામ રહે.મોચીનગર ૦૬, જામનગરી પાન પાસે શીતલપાર્ક મે.રોડ રાજકોટ. |
| ૩. | હમીદ અલીભાઇ જુણેજા ઉ.વ.૩૮ ધંધો.રીક્ષા ડ્રાઇવીગ રહે.પરસાણાનગર શેરી નં.૦૭, “સીકંદર મંજીલ” મકાન પાસે રાજકોટ. |

## શોધાયેલ ગુન્હો

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન, પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૮૦૩૫૨૫૦૨૧૪/૨૦૨૫ BNS કલમ – ૩૦૫(ડી) મુજબ. |

## કબ્જે કરેલ મુદામાલ

| ક્રમ | વિગત | કિમત |
|---|---|---|
| ૧. | રોકડ રૂપિયા | ૧૦,૪૫૦/- |
| ૨. | ઓટો રીક્ષા રજી નં. GJ-03-AW-0178 | ૮૦,૦૦૦/- |
| | કુલ મુદ્દામાલ | ૯૦,૪૫૦/- |

## આરોપી વિવેક બીરેન્દ્રસિંગ ચૌહાણનો ગુન્હાહીત ઇતિહાસ

| ક્રમ | ગુન્હાની વિગત |
|---|---|
| ૧. | રાજકોટ શહેર પ્ર.નગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૩૦૮૮૫/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦,૪૫૪ મુજબ. |
| ૨. | રાજકોટ શહેર ગાંધીગ્રામ-૨, યુનિ. પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૧૩૦/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૫૪ મુજબ. |
| ૩. | રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૮૦૩૫૨૩૦૫૫૭/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦ મુજબ. |
| ૪. | રાજકોટ શહેર “એ” ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૨૬/૨૦૧૬ આઇ.પી.સી. કલમ ૩૮૦ મુજબ. |
| ૫. | રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૨૦૬/૨૦૧૫ આઇ.પી.સી. કલમ ૩૮૦ મુજબ. |
| ૬. | રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૬૨૧૦૦૮૨/૨૦૨૧ આઇ.પી.સી. કલમ ૧૮૮, ૨૬૯ મુજબ. |
| ૭. | રાજકોટ શહેર ગાંધીગ્રામ-૨, યુનિ. પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૧૩૭/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૩૮૦,૪૫૪,૧૧૪ મુજબ. |

## આરોપી ઇકબાલ મહમદઅલી મકરાણીનો ગુન્હાહીત ઇતિહાસ

| ક્રમ | ગુન્હાની વિગત |
|---|---|
| ૧. | રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૦૬૬/૨૦૧૬ આઇ.પી.સી. કલમ ૩૦૭, ૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩,૩૨૪,૪૫૮,૫૦૬(૨), તથા આર્મસ એકટ કલમ ૨૫(૧)(a),૨૫(૧)(b) મુજબ. |

## આરોપીઓની એમ.ઓ.

આ કામના ત્રણેય આરોપીઓ મળી દિવસના સમયે અલગ અલગ સોસાયટીના મંદિરની આરોપી હમીદ જુણીજાની ઓટો રીક્ષા માં રેકી કરતા બાદ મોડી રાત્રીના આરોપી ત્રણેય જણા રેકી કરેલ મંદિરે જતા જેમાં આરોપી ઇકબાલ મહમદઅલી મકરાણી મંદિર બહાર ઉભો રહી રેકી કરતો તથા આરોપી હમીદ જુણીજા ઓટો રીક્ષામાં બેસી રહેતો અને આરોપી વિવેક બીરેન્દ્રસિંગ ચૌહાણ મંદિરમાં જઇ તેમાં રહેલ દાન-પેટી તોડી તેમાં રહેલ રોકડ રકમની ચોરી કરતો બાદ મજકુર ત્રણેય ઇસમો ચોરી કરી મેળવેલ રોકડ રકમનો ભાગ પાડી અલગ અલગ સ્થળે જતા રહેતા.

➡ **આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ**

પો.ઈન્સ એસ.આર.મેઘાણી તથા પો.સબ.ઇન્સ એસ.બી.જાડેજા તથા પો.હેડ.કોન્સ. મશરીભાઇ ભેટારીયા, સહદેવસિહ જાડેજા, રવીભાઇ ગઢવી, શબ્બીરખાન મલેક તથા પો.કોન્સ અમીનભાઇ ભલુર, રોહીતદાન ગઢવી, મુકેશભાઇ સબાડ, પ્રદિપભાઇ ડાંગર, રઘુવીરસિહ જાડેજા, ભરતભાઇ મકવાણા, પ્રશાંતભાઇ ગજેરા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર.

તા.૨૬/૦૩/૨૦૨૫

(એસ.આર.મેઘાણી)
પોલીસ ઇન્સપેકટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર



# "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત
# "રાજકોટ તાલુકા" પોલીસ સ્ટેશન
# રાજકોટ શહેર CEIR પોર્ટલ
# પ્રેસનોટ

**"તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના CEIR પોર્ટલના ઉપયોગથી એક મહિનામાં કુલ-૨૫ મોબાઇલ ફોન કિ. રૂ.૫,૦૬,૮૪૦/- નો મુદ્દામાલ શોધી મુળ માલીકોને પરત અપાવતી રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન રાજકોટ શહેર**

રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝા સાહેબ તથા અધીક પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડીયા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી જગદીશ બાંગરવા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર દક્ષીણ વિભાગ શ્રી બી.જે. ચૌધરી સાહેબનાઓ દ્વારા રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમા રહેતા નાગરીકોના CEIR પોર્ટલના ઉપયોગથી મોબાઇલ શોધી કાઢવા અને કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ સુચના કરેલ હોય.

